# નમસ્તે ટ્રમ્પ રોડ શોમાં આઈકાર્ડ વિના નો એન્ટ્રી

## ટ્રમ્પના મોટા કાફલાના માર્ગ તરફ દોરી જતા વિસ્તારોમાં આકર્ષણ ઉભા કરાયા : અમદાવાદ શહેર નવા રંગરૂપમાં

ગાંધીનગર, તા.૧૭ આગામી તા.૨૪મી ફેબ્રુઆરીએ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદ આવી રહ્યા છે ત્યારે તેમના રોડ શો અને નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને લઈ સુરક્ષા સહિતની તમામ તૈયારીઓ યુધ્ધના ધોરણે ચાલી રહી છે. ખાસ કરીને અમેરિકી રાષ્ટ્રપ્રમુખની સુરક્ષામાં કોઈ ચૂક કે ઉણપ ના વર્તાય તે હેતુસર અમદાવાદ અને રાજય પોલીસ તંત્ર અને સુરક્ષા એજન્સીઓ દ્વારા કડકાઈભરી સુરક્ષા વ્યવસ્થા અને આયોજનો કર્યા છે. જેમાં ટ્રમ્પ અને મોદીના વિશાળ રોડ શોમાં જે નાગરિકોએ રોડ પર ઉભા રહી તેમનું સ્વાગત કરવુ હશે કે રોડ શોમાં ભાગ લેવો હશે તો, તેઓને પોલીસ પાસેથી અધિકૃત આઈકાર્ડ મેળવવાનું રહેશે અને તેના આધારે જ તેઓ રોડ શોનો હિસ્સો બની શકશે. પોલીસના અધિકૃત આઈકાર્ડ વિના કોઈપણ નાગરિકને રૂટના માર્ગો પર એન્ટ્રી મળશે નહી. એટલું જ નહી, રૂટના માર્ગો પર લોકો પાનની પિચકારી કે અન્ય ગંદકી કે અસ્વચ્છતા ફેલાવે નહી તે હેતુથી એરપોર્ટથી લઈ ગાંધીઆશ્રમ અને મોટેરા તથા તેની આસપાસના વિસ્તારોમાં દુકાનો, પાનના ગલ્લા સહિતના એકમોને સીલ મારવામાં આવશે. જે અંગેની કાર્યવાહી અમ્યુકો સત્તાવાળાઓએ આજથી શરૂ પણ કરી દીધી હતી, જેને લઈ સ્થાનિક દુકાનદારોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ સાથે જ વિશ્વના સૌથી મોટા મોટેરાના ક્રિકેટ સ્ટેડિયમનું અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદીના હસ્તે લોકાર્પણ થવાનું છે ત્યારે મોટેરા સ્ટેડિયમમાં પ્રવેશવાના રસ્તા પરની દીવાલો પર સ્વચ્છ ભારત, મોટેરા તેમજ વિવિધ સ્લોગન લખીને વોલ પેઈન્ટીંગ કરવામાં આવી રહ્યું છે. ટ્રમ્પ અને મોદીનો રોડ શો ઈન્દિરા બ્રિજથી પૂરો થઈ જશે અને તેઓ સીધા ભાટ-કોટેશ્વર રોડથી સોસાયટીઓમાં રોડ પર થઈ સ્ટેડિયમ જશે. મોદી અને ટ્રમ્પને સોસાયટીઓના અંદરના રોડ પરથી સ્ટેડિયમમાં પ્રવેશ આપવામાં આવશે. જે રોડ પર મેટ્રો રેલનું કામ ચાલે છે તે રોડ પરથી નહી લઈ જવાય. કોટેશ્વર મંદિર ત્રણ રસ્તાથી ભગીરથ ટેનામેન્ટ રોડ થઈ શાંતિ એન્કલેવ સોસાયટી પાસેથી આસારામ આશ્રમ પાસેથી સ્ટેડિયમમાં કલબ હાઉસ પાસેથી ટ્રમ્પ અને મોદીનો કાફલો સ્ટેડિયમમાં પ્રવેશ કરશે. આ રોડ પર વોલ પેઈન્ટ કરવામાં આવ્યા છે. રોડ શોમાં ટ્રમ્પ-મોદીને આવકારવા ૩૫૦થી ૪૦૦ જેટલા નાના-મોટા હોર્ડિંગ્સ અને બેનરો લગાવાશે. આ હોર્ડિંગ્સની ડિઝાઈન અને ફોટા પીએમઓએ મંજૂર કર્યા છે. આ હોર્ડિંગ્સમાં બે પ્રતિભાશાળી વ્યકિતત્વનું મિલન, બે વિરાટ લોકતાંત્રિક પરંપરા એક મંચ પર, એક ઐતિહાસિક પડાવ ભારત-અમેરિકા મૈત્રીનો, બે મહાન દેશોનું મિલન, મજબૂત નૈતૃત્વ મજબૂત લોકતંત્ર, વિશ્વની સૌથી જૂની લોકશાહી મળશે વિશ્વની સૌથી મોટી લોકશાહીને, ભારત-અમેરિકા મળશે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ પર જેવા સ્લોગન જોવા મળશે.





અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કાફલાની આવવાની શરૂઆત થઈ ચુકી છે. જેના ભાગરૂપે તેમના સુરક્ષાના ભાગરૂપે રહેલી કાર અમદાવાદ પહુંચી ચુકી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ યાત્રાના ભાગરૂપે સુરક્ષા કર્મીઓને ટેકનિકલ લોકો પણ આવી પહોંચ્યા છે. તેમને વિમાની મથકથી ખાસ બસ મારફતે હોટલોમાં લઈ જવાયા હતા.

# ટ્રમ્પના રૂટને એક લાખ વૃક્ષો અને ફૂલથી સુશોભિત કરાશે

## માર્ગો પર પામ ટ્રી સહિત આકર્ષક વૃક્ષો અને છોડ મૂકાયા ફુલ-છોડ અને વૃક્ષો થકી આકર્ષણ જમાવવા માટેનો પ્રયાસ

અમદાવાદ,તા. ૧૭ અમદાવાદ શહેરમાં વિકાસના બહાના હેઠળ હજારો વૃક્ષોનું છેદન કરનાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ અને અધિકારીઓને હવે અચાનક ફુલ-છોડ અને વૃક્ષો જાણે ગમવા લાગ્યા છે. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તા.૨૪ ફેબ્રુઆરીએ ગુજરાતના મહેમાન બનવાના છે. અમદાવાદમાં મોટેરા ખાતે નિર્માણ પામેલા વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમના ઉદ્‌ઘાટન સમારોહમાં તેઓ હાજરી આપવાના છે અને તે પહેલાં એરપોર્ટથી શહેરના માર્ગો પર વિશાળ રોડ શો યોજવાના છે, ત્યારે અમદાવાદ શહેરને દુલ્હનની જેમ શણગારવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં ટ્રમ્પના રૂટના માર્ગો પર એક લાખ વૃક્ષો અને ફુલ-છોડ મૂકી તેને ભવ્યતા સાથે સુશોભિત કરી અનોખુ આકર્ષણ ઉભુ કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

પીએમ મોદી અને ટ્રમ્પની ખાસ મુલાકાત અને શહેરના બ્યુટિફિકેશન માટે રૂ.૧૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવનારો છે. ટ્રમ્પ જે રૂટ પરથી પસાર થવાના છે ત્યાં અનેકવિધ ફૂલો અને વૃક્ષોનું સુશોભન કરવામાં આવી રહ્યું છે. મોદી અને ટ્રમ્પની અમદાવાદ મુલાકાત પાછળ અંદાજે રૂ.૧૨૫ કરોડથી પણ વધુ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જેમાં ૧૮ રસ્તાઓ અને અન્ય ઈન્ટરનલ રસ્તાઓનું નવીનીકરણ કરવામાં આવશે, જેની પાછળ રૂ.૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ટ્રમ્પ જે રૂટ પરથી પસાર થવાના છે ત્યાં નવા ફૂટપાથ અને સ્ટેજના કાર્યક્રમ પાછળ રૂ.૪૫ કરોડથી વધુ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જ્યારે ટ્રમ્પ જે રૂટ પર પસાર થવાના છે ત્યાં ૩.૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. જેમાં અમુક ખાસ પોઈન્ટ અને સ્થળ પર વિવિધ ફુલોના કૂંડા મૂકવામાં આવશે અને એક લાખ ફુલ-છોડ અને વૃક્ષો રૂટ ઉપર મૂકવામાં આવી રહ્યા છે. ચીમનભાઈ પટેલ બ્રિજથી મોટેરા સ્ટેડિયમ અને એરપોર્ટ સુધીના રોડ પર આશરે રૂ.બે કરોડ રૂપિયાના ખર્ચે સુશોભન કરવામા આવી રહ્યું છે. તો, આ સમગ્ર રૂટને રૂ.બે કરોડ રૂપિયાના ફુલોથી સુશોભિત કરવામાં આવશે. જયારે ઝુંડાલ સર્કલ રોડ પર રૂ.૧.૯૦ કરોડના ખર્ચે ફૂલોથી સજાવટ કરવાનું આયોજન ચાલી રહ્યું છે.

# ગઠામણમાં કિશોરીને મોતને ઘાટ ઉતારનાર દંપતીને આજીવન કેદ

પાલનપુર તાલુકાના ગઠામણ નજીક એક ખેતર નજીક કિશોરીની હત્યા કરી ફેંકી દેનાર દંપતિને પાલનપુરની ડિસ્ટ્રીક અને સેસન્સ કોર્ટના ન્યાયાધીશે આજીવન કેદની સજા ફટકારી હતી. પાલનપુર તાલુકાના ગઠામણ ખાતે નજીક ૧૦/૨/૨૦૧૬ના રોજ ઈકબાલભાઈના ખેતર નજીક કિશોરીની હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે ઈમરાનભાઈ અબ્દુલભાઈ મુસલમાને પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ અંગે પોલીસે કિશોરીની હત્યા કરી ફેંકી દેનાર દંપતિ શામજી ભાઈ ભીખાભાઈ વાઘેલા અને જયોતિ ઉર્ફે ભુરી શામજીભાઈ વાઘેલાની અટકાયત કરી હતી.

# બંધારણ બચાવોના નારા સાથે કોંગ્રેસ દ્વારા બાઈક રેલી કરાઈ

## કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષના નેતા ધાનાણી સહિતના નેતાઓ રેલીમાં જોડાયા : કલેકટરને આવેદનપત્ર

અમદાવાદ, તા.૧૭ અમદાવાદ શહેરમાં આજે કોંગ્રેસ દ્વારા બંધારણ બચાવોના નારા સાથે વિશાળ બાઈક રેલી યોજવામાં આવી હતી. શહેરના સારંગપુર સર્કલથી શરૂ થઈને આ રેલી સુભાષબ્રીજ સ્થિત કલેકટર કચેરી સુધી પહોંચી હતી, જયાં કોંગ્રેસના આગેવાનો અને નેતાઓ તરફથી જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. કોંગી પ્રભારી રાજીવ સાતવ, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષના નેતા ધાનાણી સહિતના નેતાઓ રેલીમાં જોડાયા હતા,. તો સેંકડો કોંગી કાર્યકરો પણ રેલીમાં બાઈક પર જોડાયા હતા અને બંધારણ બચાવોના જોરદાર સૂત્રોચ્ચાર, નારા લગાવી વાતાવરણ ગજવી મૂકયું હતું. આ પહેલાં પ્રદેશ કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે સારંગપુર ખાતે ધરણાંની શરૂઆત કરાવી હતી અને સભા સંબોધી હતી. જે બાદ કોંગ્રેસ પક્ષની બંધારણ બચાવોના નારા સાથેની વિશાળ બાઈક રેલીની શરૂઆત થઈ હતી. જેમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના નેતાઓ અને આગેવાનો આ બાઈક રેલીમાં જોડાયા હતા. તો, કોંગી નેતા અને આગેવાનોની પાછળ કોંગ્રેસના સેંકડો કાર્યકરો પણ બાઈક પર સવાર થઈને રેલીમાં જોડાયા હતા. કોંગી નેતાઓએ




કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો, કાર્યકરો રાષ્ટ્રધ્વજ, ત્રિરંગા અને બંધારણના પુસ્તકો સાથે નજરે પડતા હતા. કોંગી કાર્યકરો દ્વારા ચાલુ બાઈકે બંધારણ બચાવોના નારા લગાવી સૂત્રોચ્ચાર કરી વાતાવરણ ગજવવામાં આવ્યું હતું. બાઈકરેલી સ્વરૂપે કોંગી નેતાઓ અને કાર્યકરો આખરે સુભાષબ્રીજ સ્થિત કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને કોંગી આગેવાનોના પ્રતિનિધિમંડળ તરફથ બંધારણ બચાવવાની માંગણી સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું. આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, બંધારણ બચાવવાની લડતના ભાગરૂપે જરૂર પડયે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત ટાણે કોંગ્રેસ દ્વારા મોટેરા પહોંચી ઉગ્ર દેખાવો અને વિરોધ કાર્યક્રમો કરવામાં આવશે. દેશના બંધારણને બચાવવા અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે કોંગ્રેસ છેક સુધી લડી લેશે.



## ડીસાના ગુલબાણીનગરમાં ગંદકી મુદ્દે આંદોલનના ભણકારા

ડીસાના ગુલબાણીનગરમાં છેલ્લા કેટલાય સમયથી ગટરના ગંદા પાણી ઉભરાતા ગંદકીના માહોલ સર્જાયો છે. આ મામલે સ્થાનિક રહીશો દ્વારા વારંવાર ચુંટાયેલા સભ્યો તથા નગરપાલિકાના સત્તાધીશોને રજુઆત કરવામાં આવી રહી છે છતાં નગરપાલિકા સત્તાધિશોના પેટનું પાણી હાલતું નથી. સ્વચ્છતા અભિયાનની મોટી મોટી વાતો કરતી નગરપાલિકાના સ્વચ્છતા અભિયાનના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે જેથી સ્થાનિક રહીશો દ્વારા નાછૂટકે બેનરો લગાવી વિરોધ કરી આગામી સમયમાં સફાઈ નહિ થાય તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ. આ મામલે ડીસા પાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે આ જગ્યા માલિકીની છે અને તેની મેટર હાઈકોર્ટમાં ચાલતી હોઈ આ મુદ્દે પાલિકા લેવલે કશુ થઈ શકે નહીં. જોકે સ્થાનિકો દ્વારા અવારનવારની રજુઆત હોઈ અમે આગામી સમયે સફાઈની કામગીરી હાથ ધરીશું તેમ ઉમેર્યું હતું.

# ધોરી ગામની પરણિતાનું રહસ્મય મોત

દાંતીવાડા તાલુકાના મોટા ભાખર ગામની દીકરી અને ધોરી ગામની પરણિતાના મૃત્યુને લઈને આક્ષેપો-પ્રતિ આક્ષેપો વચ્ચે વિવાદ સર્જાયો છે. દાંતીવાડા તાલુકાના મોટા ભાખર ગામની મહિલા જનકબાના વડગામ તાલુકાના ધોરી ગામમાં કંચનસિંહ ડાભી સાથે લગ્ન થયા હતા. જે પરિણીતાનું મોત થતા વડગામ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જોકે, સાસરિયાઓના જણાવ્યા મુજબ પરણિતા પવાલી લેવા માટે ખુરશી ઉપર ચડી હતી. ત્યારે ખુરશી પરથી પગ લપસી જતા નીચે પટકાતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે પિયર પક્ષ દ્વારા પરણીતાના માથાના ભાગે કોઈ ઈજાના નિશાનો જણાતાં ન હોઈ પરિણીતાના મૃત્યુ સામે શંકા દર્શાવી તેની હત્યા થઈ હોવાના આક્ષેપો કર્યા હતા. ત્યારે પરણીતાના મૃત્યુને લઈને પોલીસે મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરી છે.

### વાઘની સંખ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હરિત વિકાસ મોડેલ દ્વારા ''ક્લાઈમેટ એક્શન''ને સમર્થન આપે છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ સંદર્ભમાં કહ્યું હતું કે, આ માટે ઈલેક્ટ્રિક વાહનો, સ્માર્ટ સિટી અને જળ સંરક્ષણ માટે આગ્રહ કરવામાં આવે છે. ભારત એવા કેટલાક દેશોમાંથી એક છે જેની કામગીરી તાપમાનમાં ૨ ડિગ્રી સેલ્સિયસ ઓછી વૃદ્ધિના પેરિસ સમજૂતીના લક્ષ્યને અનુરૂપ છે.

પ્રધાનમંત્રીએ ચોક્કસ પ્રજાતિઓના સંરક્ષણ પર કેન્દ્રિત કાર્યક્રમોથી કેવા પરિણામો પ્રાપ્ત થયા છે તેનું વર્ણન કર્યું હતું. તેમણે અવલોકન કર્યું હતું કે, ''વર્ષ ૨૦૧૦માં ભારતમાં વાઘની સંખ્યા ૧૪૧૧ હતી જે ૨૦૨૨ સુધીમાં બમણી કરવાનું લક્ષ્ય નિર્ધારિત સમય પહેલાં હાંસલ થઈ ગયું છે અને હાલમાં વાઘની સંખ્યા ૨૯૬૭ છે.'' સંમેલનમાં ઉપસ્થિત ટાઈગર રેન્જ દેશો અને અન્ય દેશોને તેમણે સીમાચિહ્નરૂપ પ્રવૃત્તિઓનું આદાનપ્રદાન કરીને વાઘના સંરક્ષણની કામગીરી વધુ મજબૂત કરવાની અપીલ કરી હતી. એશિયાઈ હાથીઓના સંરક્ષણ માટે ભારત દ્વારા હાથ ધરાયેલી પહેલ વિશે તેમણે જણાવ્યું હતું. તેમણે હીમપ્રદેશના દીપડા, એશિયાઈ સિંહ, એક શ્રૃંગી ગેંડા અને ધ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડના સંરક્ષણ માટે કેવા પ્રયાસો હાથ ધરવા તે વિશે પણ જણાવ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે આ સમિટનું મેસ્કોટ 'ગિબિ - ધ ગ્રેટ' એ ધ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડને સમર્પિત છે.

સ્થળાંતર કરતા પક્ષીઓ માટે ભારત મધ્ય એશિયાઈ ઉડાન માર્ગનો એક હિસ્સો છે તેની નોંધ લેતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, મધ્ય એશિયાઈ ઉડાન માર્ગના પક્ષીઓ અને તેમના નિવાસસ્થાનના સંરક્ષણને ધ્યાનમાં રાખીને, ભારતે 'મધ્ય એશિયાઈ ઉડાન માર્ગના સ્થળાંતર કરતા પક્ષીઓના સંરક્ષણ માટે રાષ્ટ્રીય એક્શન પ્લાન' તૈયાર કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ''આ સંદર્ભે એક્શન પ્લાન તૈયાર કરવા માગતા અન્ય દેશોને સુવિધા પૂરી પાડવામાં ભારતને આનંદ થશે. અમે તમામ મધ્ય એશિયાઈ ઉડાન માર્ગ રેંજ દેશોના સક્રિય સહયોગથી સ્થળાંતર કરનારા પક્ષીઓના સંરક્ષણ માટે એક નવું ઉદાહરણ પૂરું પાડવા આતુર છીએ.''

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત આસિયાન અને પૂર્વ એશિયાના સમિટ દેશો સાથે વધુ મજબૂત જોડાણનો પ્રસ્તાવ મૂકે છે. તેમણે ઉમેર્યું હતું કે, તે ઈન્ડો પેસિફિક સમુદ્રી પહેલ (ॅ)ને સુસંગત હશે જેમાં ભારત નેતૃત્વની ભૂમિકા નિભાવશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, ભારત ૨૦૨૦ સુધીમાં તેની દરિયાઈ કાચબા નીતિ અને દરિયાઈ સ્થાઈ વ્યવસ્થાપન નીતિનો અમલ કરશે. તેમણે જણાવ્યું કે, આનાથી માઈક્રો પ્લાસ્ટિકના કારણે ફેલાતા પ્રદૂષણને પણ નાથવામા આવશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સિંગલ યુઝ પ્લાસ્ટિક પર્યાવરણના સંરક્ષણ માટે મોટો પડકાર છે અને ભારતે આવા પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા માટે મિશન શરૂ કર્યું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ યાયાવર (માઈગ્રેટરી) પક્ષીઓને 'વસુધૈવ કુટુંમ્બકમ'ની ભારતીય વિચારધારાને જોડનારા પક્ષીઓ ગણાવ્યા છે. તેમણે આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, એક દેશથી બીજા દેશ અને એક ખંડથી બીજા ખંડનો પ્રવાસ કરનારા આવા યાયાવર પક્ષીઓ દેશ-દુનિયાને એકબીજાથી જોડે છે. આવા જીવો અને વન્યજીવના સંરક્ષણ માટે એક થઈને સહિયારા પ્રયાસો કરવા મુખ્યમંત્રીએ આહવાન કર્યુ હતું.

તેમણે આ કોન્ફરન્સમાં સહભાગી થઈ રહેલા રાષ્ટ્રોના પ્રતિનિધિઓને ગાંધીજી-સરદાર સાહેબની જન્મભૂમિ ગુજરાતમાં આવકારતા કહ્યું કે, ગુજરાત યાયાવર-માઈગ્રેટરી બડર્ઝ માટે એક અગત્યનો પ્રદેશ છે. આવા પક્ષીઓ માટે સાનૂકુળ વાતાવરણ અને સુરક્ષિતતા માટેના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો રાજ્ય સરકાર કરે છે.

મુખ્યમંત્રીએ આ અંગેની વિશદ ભૂમિકા આપતાં ઉમેર્યુ કે, ગુજરાતે વર્ષોથી વ્હેલ શાર્ક, એશિયાટિક લાયન, ઘૂડખર અને કાચબા જેવા જીવો તેમજ ઘોરાડ જેવા પક્ષીઓના સંરક્ષણ-જતનમાં સફળતા મેળવેલી છે.

વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં દર વર્ષે શિયાળાની ઋતુમાં લાખોની સંખ્યામાં યાયાવર-માઈગ્રેટરી બડર્ઝ આવતા હોય છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ ઘટનાને ગૌરવરૂપ જણાવતા તેમણે કહ્યું કે, આવા યાયાવર પક્ષીઓ અમારા પરિવારના સભ્યો જ છે. તેમણે ગુજરાત અત્યારે સોલાર એનર્જીની ઈન્સ્ટોલ્ડ કેપેસિટીમાં તેમજ વોટર રિર્સોસીસ મેનેજમેન્ટમાં દેશમાં અગ્રેસર રાજ્ય છે તેની છણાવટ કરી હતી. મુખ્યમંત્રીએ કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાની દિશામાં રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતાં આ કોન્ફરન્સ વર્ષ ૨૦૨૦ બાદના બાયોડાયવર્સિટી ફ્રેમવર્ક માટેના ગાંધીનગર ડેકલેરેશન માટે અગત્યની બનવાની છે તેમ પણ ઉમેર્યુ હતું.

### ખદબદતી ગંદકી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગટરોના દુષિત પાણીનો ભરાવો થાય છે. આ મામલે સ્થાનિકો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. આ વિસ્તારમાં ગટરોના દુષિત પાણીનો ભરાવો થતા અસહ્ય દુર્ગંધ વચ્ચે સ્થાનિક નાગરિકો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. જયારે ગંદા પાણીના ભરાવાના લીધે ગંદકી વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે.

આ મામલે સ્થાનિકો દ્વારા ગુડાના જવાબદાર અધિકારીઓ સમક્ષ રજુઆત કરવા છતા ફરિયાદનુ નિરકારણ આવતુ નથી. એકબાજુ ગુડા વિસ્તારને સ્વચ્છ અને હરિયાળો બનાવવાની વાતો કરવામાં આવે છે. ત્યારે ગુડા નિર્મિત આવાસોની જાળવણીના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. ગુડાના આવાસમાં રહેતા રહીશો જાળવણીના અભાવે ડગલે ને પગલે દુવિધા ભોગવી રહ્યા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. ત્યારે માળખાગત સુવિધા પુરી પાડવાના મામલે પણ ઝડપથી ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી.

### લગ્ન સમારંભો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો ચાલુ વર્ષે અત્યાર સુધીમાં રંગમંચોના ભાડાની આવક રૂ. ૧૨.૮૫ લાખ જેટલી થઈ ચુકી છે. જે ગત વર્ષ કરતાં રૂ. ૪ લાખ ૩૫ હજાર વધુ છે.

શહેરમાં વર્ષ ૨૦૧૯માં જાન્યુઆરી માસ દરમ્યાન ૧૧૪ લગ્નોનું રજીસ્ટ્રેશન થયુ હતુ. તો ફેબ્રુઆરીમાં ૧૩૧, માર્ચમાં ૧૨૫, એપ્રિલમાં ૧૦૨, મે માં ૧૪૯, જુનમાં ૧૦૭, જુલાઈમાં ૧૦૮, ઓગષ્ટમાં ૮૨, સપ્ટેમ્બરમાં ૫૨, ઓક્ટો.માં ૬૩, નવેમ્બરમાં ૮૪ અને ડિસેમ્બરમાં ૧૦૬ લગ્નોની નોંધણી થઈ છે. જાન્યુઆરી ૨૦૨૦માં શહેરમાં ૧૪૦ લગ્નોનું રજીસ્ટ્રેશન થયુ છે. લગ્નવિધિ બાદ લગ્નનું રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત કરાયેલુ હોવાથી સમય-મર્યાદામાં જ આ રજીસ્ટ્રેશન થતુ હોય છે. આ આંકડાઓને ધ્યાને લઈએ તો શહેરમાં દરરોજના ૪ લગ્નો યોજાય છે.

### માર્ગ સલામતી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા ડ્રાઈવર કંડકટર સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવા માટે પણ સુચના આપવામાં આવી હતી. પરંતુ ડાયવર્ઝન અપાયાના લાંબા સમય બાદ સ્થિતિ યથાવત છે. જયારે વધુમાં સીટી બસો પણ દોડતા ગમે ત્યારે અકસ્માત થવાની સંભાવના પણ પ્રબળ બની છે. સર્વિસ રોડ પર પીક અવર્સ દરમિયાન આમ પણ ટ્રાફિક જામથી નગરજનો ત્રાહીમાંમ છે. ત્યારે સર્વિસ રોડ પર ટ્રાફિકનુ યોગ્ય સંચાલન કરવા માટે પોલીસ પણ મોજુદ હોય છે. પરંતુ એસ ટી બસ અને સીટી બસ સહીતના વાહનો નિયમ વિરુધ્ધ દોડતા હોવાથી વાહનચાલકોના માથે જોખમ મંડરાયેલુ છે.

### સ્થાયી કમીશન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાઈકોર્ટના આદેશ પર કાર્યવાહી ના કરવાનું કોઈ યોગ્ય કારણ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તમામ નાગરિકોને અવસરની સમાનતા અને લૈંગિક ન્યાય સેનામાં મહિલાઓની ભાગીદારીનું માર્ગદર્શન કરશે. મહિલાઓની શારીરિક વિશેષતાઓ પર કેન્દ્રના વિચારોને કોર્ટે ફગાવ્યા છે. સેનામાં સાચી સમાનતા લાવવી પડશે.

૩૦ ટકા મહિલાઓ વાસ્તવમાં યુદ્ધ ક્ષેત્રમાં ફરજ બજાવી રહી છે. મહિલા અધિકારીઓએ દેશનું ગૌરવ વધાર્યુ છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને ૩ મહિનામાં આદેશનું પાલન કરવા કહ્યું છે. સાથે સાથે કોર્ટે રહ્યું કે ન ફક્ત ૧૪ વર્ષ પરંતુ તમામ મહિલાઓને તેની આગળ પણ સ્થાયી કમિશન આપવું જોઈએ. જણાવી દઈએ કે, સરકારે મહિલા અધિકારીઓને સ્થાયી કમિશનના ૨૦૧૦ના દિલ્હી હાઈકોર્ટના આદેશ વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. દિલ્હી હાઈકોર્ટે ૨૦૧૦માં શોર્ટ સર્વિસ કમિશન અંતર્ગત સેનામાં આવનારી મહિલાઓની સેવામાં ૧૪ વર્ષ પૂર્ણ કરવા પર પુરૂષોની જેમ સ્થાયી કમિશન આપવાનો આદેશ આપ્યો હતો. સંરક્ષણ મંત્રાલયે આ આદેશ વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટના દ્વારા ખખડાવ્યા હતા.

### નવી દરખાસ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારબાદ ભારતી એરટેલ દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે વૈધાનિક દેવાને ધ્યાનમાં લઈને ટેલિકોમ વિભાગને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ચુકવી દેવામાં આવ્યા છે. કંપનીએ કહ્યું છે કે તે આત્મ મૂલ્યાંકનની કવાયત હાથ ધર્યા બાદ બેલેન્સ પેમેન્ટની ચુકવણી કરશે. એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ૧૦ હજાર કરોડ રૂપિયાની આ રકમ ભારતી એરટેલ, ભારતી હેક્સાકોમ અને ટેલિનોર તરફથી ચુકવી દેવામાં આવી છે. સુનિલ મિત્તલના નેતૃત્વમાં કંપનીએ કહ્યું છે કે શુક્રવારના આદેશ બાદ અમે કહી ચુક્યા છે કે ટેલિકોમ સેકટર માટે આની દુરગામી અસર થશે. જસ્ટીસ અબ્દુલ નઝીર અને એમઆર શાહના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે કંપનીઓએ જુદા જુદા કાયદાઓનો ભંગ કર્યો છે. તે વખતે ૧૭મી માર્ચના દિવસે સુનાવણીની આગામી તારીખ સુધી સમગ્ર દેવાને ચુકવી દેવા માટે કહ્યું હતું.

સુપ્રિમ કોર્ટ દ્વારા લાલ આંખ કરવામાં આવ્યા બાદ ટેલિકોમ વિભાગે તેના ૨૩મી જાન્યુઆરી ૨૦૨૦ના આદેશને પાછો ખેંચી લીધો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે ડિફોલ્ટ કરતી કંપનીઓ સામે આક્રમક કાર્યવાહી કરવામાં આવશે નહીં. શુક્રવાર સુધી બાકી નાણા જમા કરવા માટે તેમને કહેવામાં આવ્યું હતું. ભારતી એરટેલે એજીઆરના ભાગરૂપે ૧૦ હજાર કરોડ રૂપિયાની ચુકવણી કરી છે. હવે આ નાણાંની ચુકવણી બાદ કંપની પર બીજા ૨૫,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી રહ્યા છે.

### ટીમની રચના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમસ્યા દિલ્હીના ટ્રાફિકને લઈને છે પરંતુ દિલ્હીમાં ટ્રાફિકની ગંભીર સમસ્યા રહેલી છે. જો દરેક વ્યક્તિ માર્ગો ઉપર ઉતરશે તો જનજીવન ઠપ થઈ જશે. વાહનો બંધ થઈ જશે અને ટ્રાફિકની સમસ્યા નડશે. લોકો વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર ધરાવે છે પરંતુ જગ્યા યોગ્ય રહેવી જોઈએ. શાહીનબાગ બે મહિનાથી બંધ છે. છેલ્લી સુનાવણીમાં સુપ્રિમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે કોઈપણ જાહેર જગ્યા પર અચોક્કસ મુદત સુધી વિરોધ પ્રદર્શન અને ધરણા યોજી શકાય નહીં. જોકે માર્ગને ખાલી કરવા માટેના કોઈ આદેશ જારી કરવામાં આવ્યા ન હતા. આ સુનાવણી એવી અરજી પર ચાલી રહી છે જેમાં અરજી કરનાર લોકોએ બે મહિનાથી બંધ રહેલા જાહેર રસ્તાને ખોલી દેવા માટેનો આદેશ કરવાની માંગ કરવામાં આવી છે. જસ્ટીસ એસ કે કોલ અને કે એમ જોસેફની બનેલી બેચ દ્વારા નાગરિક સુધારા કાનૂન સામે શાહીનબાગમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનના કારણે રસ્તાઓ બ્લોક થયા પછી આ મામલામાં આજે સુનાવણી હાથ ધરી હતી.